દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ૧૦૦ % ગ્રાન્ટ મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓને સાતમા પગાર પંચ અન્વયે પગાર તફાવતની રકમ ચુકવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૧૬/૬૮૦૧૧૮(પાર્ટ-૧)/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૬/૦૪/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૩/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૧૬/૬૮૦૧૧૮/છ-૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૧/૦૩/૨૦૨૨નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૨૩/૦૩/૨૦૨૨નો પત્ર જા.નં.અપગ/૨૧-૨૨/૯૮.

ઠરાવ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના વિભાગના તા.૨૧/૦૩/૨૦૨૨ના ઠરાવથી દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત ૧૦૦ % ગ્રાન્ટ મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓને સાતમા પગાર પંચ અન્વયે પગાર તફાવતની ચુકવવાપાત્ર રકમ રૂ.૧૨,૦૬,૯૦,૧૦૦/-ને રૂ.૨,૪૧,૩૮,૦૨૦/-ના પાંચ સરખા હપ્તામાં ચુકવવાની મંજૂરી આપવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત અન્વયે આ રકમ સરખા હપ્તામાં એટલે કે પ્રથમ હપ્તો મે-૨૦૨૨માં, બીજો હપ્તો ઓગસ્ટ-૨૦૨૨માં, ત્રીજો

હપ્તો નવેમ્બર-૨૦૨૨માં, ચોથો હપ્તો ફેબ્રુઆરી-૨૦૨૩માં અને પાંચમો હપ્તો મે-૨૦૨૩માં ચુકવવાની મંજૂરી આપવામાં આવે છે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૭/૦૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજુરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( લીના વાઘેલા )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (નાણા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આર્થિક બાબતો), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી- ઈપીડી સેલ તથા પગાર ચકાસણી એકમ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઈલ.